શહેરની પ્રથમ મહિલા સંચાલિત બેકરીનો કુડાસણમાં પ્રારંભ

બેકરી શોપ ચલાવતી મહિલાને નિહાળી સપ્લાયર્સ અને ગ્રાહકો પણ પ્રભાવિત થઈ રહ્યાં છે : અનેકવિધ પ્રતિભા ધરાવતા બરખા ગંગવાણી માને છે કે 'મહિલાઓ માટે કશુ અશક્ય નથી'

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં અનેકવિધ પ્રતિભાઓનો સંગમ જોવા મળી

રહ્યો છે અને આ શહેર હવે માત્ર રાજકીય નેતાઓનું જ શહેર નથી રહ્યું બલ્કે શહેરમાં બાળકો યુવાનોથી માંડીને તમામ ઉમંરની વ્યક્તિઓ જેમાં મહિલાઓ પણ પોતાની પ્રતિભા વિવિધ સ્તરે ઝળકાવી રહ્યાં છે. પાટનગરમાં મહિલા સશક્તિકરણના અનેક ઉદાહરણ મોજુદ છે જેમાં હવે બરખા ગંગવાણીનું નામ ઉમેરાયુ છે જેઓ શહેરના અને કદાચ જિલ્લાના સૌ પ્રથમ એવા મહિલા છે જે બેકરીના વ્યવસાય સાથે જોડાયેલાં છે. ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રિલાયન્સ ચોકડીથી નજીક નવા રોડ પર પ્રમુખ આર્કેટ-૨ કોમ્પલેક્ષમાં ત્રિનેત્ર બેકરી શહેરની એક એવી બેકરી બની છે જે મહિલા દ્વારા સંચાલિત હોય.

મહિલાઓ શહેરમાં ઓટોરીક્ષા ચલાવી રહી છે, બસ કંડક્ટર બની ચુકી છે, અનેકવિધ વ્યવસાયો અને પ્રવૃત્તિઓ કરી રહી છે પરંતુ હજુ સુધી બેકરીના વ્યવસાયમાં કોઈ મહિલા જોવા મળતી નહોતી. ત્રિનેત્ર બેકરી એન્ડ ફુડકોર્નર થકી તેના સંચાલિકા બરખા ગંગવાણીએ મહિલાઓ પરનું આ મ્હેણું પણ ભાંગી નાંખ્યુ છે અને તેમને બેકરીનો બિઝનેસ કરતા જોઈને તેમના સપ્લાયર્સથી માંડીને ગ્રાહકો પણ આશ્ચર્ય પામી રહ્યાં છે. વળી બેકરી વ્યવસાયમાં તેમની દરેક ચીજવસ્તુઓ પ્રત્યેની સુઝબુઝ તથા જાણકારી જોઈને વેપારીઓ પણ તેમનાથી પ્રભાવિત થઈ રહ્યાં છે તે સાથે સાથે ગ્રાહકો તેમની સર્વિસ, તેમના વ્યવહાર અને બેકરીની સ્વચ્છતા, હાઈજીન સહિત દરેક ખાદ્ય ચીજવસ્તુઓની જાળવણીની તકેદારી તથા આવડતથી આકર્ષાઈ રહ્યાં છે.

ગાંધીનગરમાં જ જન્મેલા બરખા ગંગવાણી સ્વ. વાસુવેદ ત્રિધ્વાણી અને સ્વ. પદ્માબેનના પુત્રી છે અને લગ્ન પૂર્વે તેમનું નામ મેઘના ગિદવાણી હતુ પરંતુ સિંધી સમાજના રિવાજ મુજબ લગ્ન પછી તેમનું નામ અને અટક બદલાઈને બરખા ગંગવાણી થઈ ગયાં છે. બાળપણથી જ તેમને બેકરી આઈટમ્સ જેવી કે કુકીઝ, કેક, પ્રેસ્ટી, ચોકલેટ્સ વગેરેનું ભારે આકર્ષણ હતુ. આ ઉપરાંત તેઓ શાળાકક્ષાએ સ્પોર્ટ્સમાં ખૂબ રૂચિ ધરાવતા હતા જેમાં તેઓ એથ્લેટિક્સથી માંડીને કબડ્ડી, વૉલીબોલ, બેડમિન્ટન તથા સ્લો સાયકલિંગ વગેરેમાં ઈનામો જીતી ચુક્યાં છે. હિન્દી વિષયમાં ગ્રેજ્યુએટ થયાં પછી તેમણે થોડો સમય આર.જી. કન્યા શાળામાં હિન્દી શિક્ષિકા તરીક પણ કાર્ય કરેલુ છે અને કુડાસણ ખાતેની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તેઓ સ્પોર્ટ્સ ટીચર તથા એસોસિએટ્સ એનસીસી ઓફિસર તરીકે લાંબો સમય સેવા આપી ચુક્યાં છે. આ પછી તેમણે શહેરની વિશેષ એજ્યુકેશન સેન્ટરમાં મનો દિવ્યાંગ બાળકોની સ્કૂલમાં પણ નોકરી કરી હતી.

જો કે બાળપણથી તેમનું સપનું એક બેકરી શોપ કરવાનું હતુ જે તેમણે તાજેતરમાં ત્રિનેત્ર બેકરી એન્ડ ફુડકોર્નર શરૂ કરીને પુરૂ કર્યુ છે અને હવે તેઓ આ બેકરીને શહેરની બેસ્ટ બેકરી બનાવવાનો નિર્ધાર કરી ચુક્યા છે.

આર્મી ઓફિસર સમકક્ષ ટ્રેનિંગ પ્રાપ્ત કરી ચુક્યાં છે

બરખાં ગંગવાણી એસોસિએટેડ એનસીસી ઓફિસર હતા ત્યારે ગ્વાલિયર ખાતે આર્મીની મહિલા ઓફિસર્સ ટ્રેનિંગ માટે સુપ્રસિદ્ધ ઓટીએ-ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમી ખાતે તાલીમ મેળવી થર્ડ સ્ટાર આર્મી ઓફિસર સમકક્ષ "સ્ટાર" જીતીને તેમની ફર્સ્ટ ગુજરાત ગર્લ્સ બટાલિયનને ગૌરવ અપાવી ચુક્યાં છે. આ ટ્રેનિંગમાં તેમણે એક આર્મી મહિલા ઓફિસર તરીકેની તમામ આકરી કસોટીઓ પાર કરી હતી અને એમ-૧૭ હેલિકોપ્ટરમાંથી દોરડે લટકીને સેલ્યુટ કરવાની પ્રસંશનીય કરતબ પણ કરી દેખાડ્યો હતો. બરખા ગંગવાણી માને છે કે "આજની મહિલાઓ કોઈપણ રીતે ઉતરતી નથી અને તેઓ પોતાના મનથી ધારે તો કોઈપણ ક્ષેત્રમાં યશસ્વી નીવડી શકે છે." બરખા ગંગવાણી બેકરી વ્યવસાયમાં મહિલાઓને આગળ ધપાવવા માટે કાર્યરત થવાનો લક્ષ્યાંક સેવી રહ્યાં છે.

ગુજરાતમાં કોરોનાના નવા ૯૫૮ કેસ : ૬ના મોત

રાજ્યમાં હજુ પણ ૬૩ લોકો વેન્ટીલેટર પર : અત્યાર સુધીમાં કુલ ૯૨૧૭૮૨૩ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૨૨૯૧૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૩

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે કેસોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા છે. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો.

જો કે રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. આજે ૬૧ દિવસ જેટલા લાંબા સમય બાદ કોરોના પોઝિટિવનો આંકડો ૧૦૦૦ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૯૫૮ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૩૦૯ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨૨૨૯૧૧ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૩.૫૮ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવો સરકાર કરી રહી છે.

આજે રાજ્યમાં કુલ ૫૪૮૪૩ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૪૩.૭૪ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૨૧૭૮૨૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૦૫૪૭૪ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૦૫૩૫૮ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

જ્યારે ૧૧૬ વ્યક્તિને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૧૦૪૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૩ છે. જ્યારે ૧૦૯૭૭ લોકો સ્ટેબલ છે. ૨૨૨૯૧૧ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૨૫૪ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૬ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશન ૪, સુરત કોર્પોરેશન ૨ દર્દી સહિત કુલ ૬ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગર્વનન્સ ઓથોરિટી માટે વિવિધ સંવર્ગના કર્મયોગીઓનું મહેકમ માળખું મંજૂર

ગાંધીનગર, તા. ૨૩

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સરદાર સરોવર બંધ ખાતે નિર્માણ પામેલી વિશ્વની સૌથી ઊંચી સરદાર પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં વિવિધ પ્રોજેકટસના સરળ અમલીકરણ, સંચાલન, જાળવણી માટે ૩૧૩ જેટલા અધિકારીઓ-કર્મચારીઓનું માનવબળ કાર્યરત થશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દિશાનિર્દેશોને પગલે સામાન્ય વહીવટ વિભાગે સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગર્વનન્સ ઓથોરિટી (કેવડીયા ઓથોરિટી) હેઠળ વિવિધ સંવર્ગનું આ મહેકમ મંજૂર કર્યુ છે.

ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા તાજેતરમાં બહાર પડાયેલા ઠરાવમાં જણાવ્યા મુજબ કેવડીયા અથોરીટી કાર્ય ક્ષેત્ર અંતર્ગત મુખ્યત્વે સ્ટેચ્યુ ઓફ યુનિટીના જંગલ સફારી, ચિલ્ડ્રન-ન્યુટ્રિશન પાર્ક, મીરર મેઝ, વેલી ઓફ ફલાવર્સ, વિશ્વ વન, કેકટસ્ ગાર્ડન, બટર ફલાય ગાર્ડન, આરોગ્ય વન, એકતા નર્સરી, ડાઈનોટ્રેઈલ, એકતા મોલ, એકતા ફુડકોર્ટ, એકતા દ્વાર, એકતા ઓડિટોરિયમ, ખલવાણી ઈકો ટુરિઝમ, ઝરવાણી ઈકો ટુરિઝમ, ડેકોરેટિવ લાઈટીંગ, યુનિટી ગ્લો ગાર્ડન, ગરૂડેશ્વર વીયર, ગોરા બ્રીજ, નેવિગેશન ચેનલ, બે જેટ્ટી, એકતા ક્રુઝ, નૌકા વિહાર, રિવર રાફટીંગ, સાઈકલિંગ, હોમ સ્ટે, શ્રેષ્ઠ ભારત ભવન, સરદાર સરોવર રિસોર્ટ, બીઆરજી બજેટ એકોમોડેશન, ટેન્ટ સિટી-૧ અને ટેન્ટ સિટી-૨ જેવી આવાસ સુવિધાઓનું વ્યવસ્થાપન તથા સોલાર પાવર પ્રોજેકટ, વિવિધ આનુસાંગિક માળખાકીય સુવિધાઓ તથા નાગરિક સુવિધાઓ, ટિકીટીંગ, યુનિટી સ્માર્ટ કાર્ડ, ફ્રી વાઈ-ફાઈ સેવા, વેબસાઈટ, મોબાઈલ એપ જેવી ટેકનોલોજી આધારિત સેવાઓ વગેરે જેવા વિવિધ પ્રવાસન આકર્ષણો માટેના પ્રોજેકટના ઓપરેશન અને મેન્ટેનન્સની કામગીરી, પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, રસ્તાઓ, પાર્કીંગ, લાઈટ તેમજ લગભગ ૨૫ ચો.કિ.મી. ક્ષેત્રફળનો વ્યાપ ધરાવતા વિશાળ વિસ્તારમાં કરવામાં આવેલ ડેકોરેટિવ લાઈટીંગ વગેરેના ઓપરેશન અને મેન્ટેનન્સ તેમજ હવે પછી જરૂરિયાત મુજબની વધારાની કામગીરી હાથ ધરવાની બાબતનો સમાવેશ થશે.

કોવિડ-૧૯ના રસીકરણ જનજાગૃતિ સંદર્ભે

યુનિસેફ-ગુજરાત અને માહિતી ખાતા દ્વારા સંયુક્તપણે યોજાયો પ્રતિષ્ઠિત "રેડિયો જોકીસ" સાથે વાર્તાલાપ

કોવિડ-૧૯ની મહામારી વચ્ચે આગામી દિવસોમાં આવનારી આ રોગ અંગેની રસી લોકો માટે આશાનું કિરણ લઈને આવી છે. કેટલાક વિકસિત દેશોમાં રસીકરણ ઝુંબેશ શરુ પણ થઈ ચુકી છે, તેવા સમયે ભારત અને ગુજરાત રાજ્યમાં પણ હવે કોવિડ-૧૯ સામેની રસી હવે ટૂંક સમયમાં આવવાની છે.

આ પરિસ્થિતિમાં રસીકરણને લગતી સાચી અને વૈજ્ઞાનિક માહિતી, રસીકરણ અંગે લોકોમાં પ્રવર્તતા પ્રશ્નો અને ચિંતા, રસીકરણ કોનું અને શા માટે કરવામાં આવશે તેમેજ રસીકરણ પછી શું હાલનું જે ચોક્સાઈપૂર્વકનું સલામત વર્તણુક છે તે યથાવત રાખવી પડશે કે નહિ, તે અંગે એક રાજ્યમાં કાર્યરત અને લોકપ્રિય બનેલા એફએમ રેડિયો સ્ટેશન્સના રેડિયો જોકીઝ સાથેનો સેન્સેટીઝેશન વાર્તાલાપ આજે યોજાઈ ગયો.

રાજ્ય સરકારના માહિતી વિભાગ, યુનિસેફ-ગુજરાત તથા પીડીપીયુ સીસીસીઆર-પીડીપીયુના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ રેડીઓ પ્રોફેશનલ્સ વર્કશોપમાં રેડીઓ મિર્ચી, રેડીઓ સીટી, રેડીઓ વન, રેડ એફએમ, ટોપ એફએમ, માય એફએમ, રુડીનો રેડિયો (કમ્યુનિટી રેડિયો), ગુજરાત યુનિવર્સિટી રેડીઓ, રેડીઓ નઝરીયા, રેડીઓ પ્રિઝનના લગભગ ૧૮થી વધુ રેડીઓ જોકીઝ અને રેડીઓ પ્રોફેશનલ્સ જોડાયા હતા.

આ પ્રસંગે માહિતી ખાતાના નિયામકશ્રી અશોક કાલરિયાએ યુનિસેફ અને પીડીપીયુના માહિતી વિભાગ સાથેના આ નવતર અભિગમને બિરદાવતા જણાવ્યું હતું કે, રસીકરણ માટે નિર્ધારિત માર્ગદર્શિકા અનુસાર કામગીરી થઈ રહી છે અને સર્વેક્ષણ-મેપીંગનું કાર્ય લગભગ અંતિમ તબક્કામાં છે. રસીકરણ અંગે લોકોમાં સાચી માહિતી મળી રહે તેમેજ રસીકરણ બાદ પણ લોકોમાં કોવિડ-૧૯ને નાથવા માટેનો ઉચિત વ્યવહાર એટલે કે - સામાજિક અંતર રાખવું, સાબુથી વારંવાર હાથ ધોવા અને માસ્કનો ઉપયોગ સફાઈથી જળવાઈ રહેવો જોઈએ. વળી, આ માટે તમામ રેડીઓ જોકીઝ અને પ્રોફેશનલ્સ સામાન્ય લોકોમાં યોગ્ય સંદેશાઓ અસરકારક રીતે પ્રચારિત કરશે તેવી મને આશા છે.

આ પ્રસંગે યુનિસેફના હેલ્થ ઓફિસર ડૉ.શ્રવણકુમાર ચેનજીએ રસીકરણ, તેનો સમયગાળો, રસીકરણ માટેની પ્રાથમિકતા ધરાવતા લોકો અને આ સંબંધે મુંઝવતા પ્રશ્નો તથા સાચી માહિતી ક્યા સ્ત્રોત મારફત મળી રહેશે તે અંગેની વિશદ છણાવટ કરી હતી. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના સ્ટેટ ઈમ્યૂનીઝેશન ઓફિસર ડૉ.એન.પી.જાની દવારા પણ આ સંવાદ દરમિયાન કેટલાક મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

આ સંવાદમાં જાણીતા રેડીઓ જોકીઝ : ધ્વનિત, દેવકી, જ્હાન્વી, પૂજા, રાધિકા, નિશાંત, દિક્ષિતા, ક્રુમિલ, દિપાલી, અર્ચના, ડિમ્પલ તથા સેવા સંચાલિત રુડીનો રેડિયોના સંચાલિકા સુનીતિ શર્મા અને તેમના સહયોગીઓ ઉપસ્થિત રહયા હતા.

આ ઓનલાઈન સંવાદમાં યુનિસેફ-ગુજરાતના કોમ્યુનિકેશન સ્પેશ્યલિસ્ટ સુશ્રી મોઈરા દાવા, પીડીપીયુસીસીસી-પીડીપીયુના પ્રો. પ્રદીપ મલ્લિક, માહિતી વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી સંજય કચોટ પણ જોડાયા હતા. આ ઓનલાઈન સંવાદનું સંચાલન યુનિસેફના શ્રી કુમાર મનીષ તથા આભારવિધિ પીડીપીયુના પ્રદીપ મલ્લિકે કરી હતી.

ખાનગી હોસ્પિટલો કરતા સરકારી હોસ્પિટલની સેવા ચડીયાતી સાબિત થઈ

ઈડરના ખોડમ ગામની પ્રસુતાને અધુરા માસે જન્મેલા બાળકને નવજીવન આપ્યુ

હિંમતનગર, તા.૨૩

સામાન્ય રીતે આજકાલ લોકો જ્યારે પણ બિમારીનો ભોગ બને અથવા તો કોઈ રોગના ભોગી બને તો તેઓ સરકારી હોસ્પિટલમાં જવાને બદલે ખાનગી હોસ્પિટલો પર પ્રથમ પસંદગી ઉતારે છે. ભલે ને તે મોંઘી હોય અને દર્દ અને પીડા મુક્ત થવા માટે કોઈ તબિબ ના કહે તો પણ પહોચી જાય છે ત્યારે તાજેતરમાં ઈડર તાલુકાના ખોડમ ગામની એક પરીવારની પ્રસુતાને હિંમતનગર સિવિલમાં દાખલ કરાયા બાદ તબિબોએ અધુરા માસે જન્મેલ આ બાળકને ખાસ સારવાર આપી નવજીવન બલક્ષ્યુ છે.

આ અંગેની વિગત એવી છે કે ઈડર તાલુકાના ખોડમ ગામે રહેતા દિશાબેન ઈન્દ્રજીતસિંહ રાઠોડની કુખે નવુ બાળક અવતરવાનું હોવાથી કેટલાક મહિના અગાઉ દિશાબેને ઈડરના ખાનગી તબિબ પાસેથી તપાસ કરાવીને દવા લીધી હતી. પરંતુ ગમેતે કારણસર લગભગ ૨૮ અઠવાડીયાનો ગર્ભ ઉદમાં વિક્સી રહ્યો હતો ત્યારે અચાનક પ્રસુતાની પીડા ઉપડતા દિશાબેનને હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યા તબિબોના માર્ગદર્શન અને દેખરેખ નીચે દિશાબેને અધુરા માસે બાળકને જન્મ આપ્યો હતો. જેથી બાળકનું વજન ખુબજ ઓછુ હતું. અને ફેફસાનો વિકાસ પણ જોઈએ તેટલો થયો ન હોવાથી બાળકના જન્મ બાદ તેનું વજન ફક્ત એક કિલો થયુ હતું.

જેથી હિંમતનગર સિવિલના સત્તાવાળઓએ બે મહિના અગાઉ આ બાળકને સિવિલના એસએનસીયુ વિભાગમાં દાખલ કરીને વિશિષ્ટ પ્રકારની સારવાર આપવાનું શરૂ કર્યું હતું જ્યા બાળકને શ્વાસ લેવામાં તકલીફ જણાતા તબિબોએ પેપ વેન્ટીલેટર મુકીને કૃત્રિમ સ્વાસ મળે તે વી વ્યવસ્થા કરી હતી તથા કુમળા બાળકની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને એન્ટીબાયોટીક ઈન્જેક્શન આપવાનું શરૂ કરાયુ હતું. ત્યારબાદ આ બાળકના વિકાસ અંગે હકારાત્મક ચિન્હો જણાયા હતા. અને આ બાળકનું વજન ૪૦ દિવસ પછી વધી ગયુ હતું. જેથી દિશાબેનને અને તેના નવજાત શિશુને થોડા દિવસ અગાઉ રજા આપવામાં આવી છે. ત્યારબાદ દિશાબેનના પિતાએ ખરેખર લોકોમાં ખાનગી હોસ્પિટલોની જે ઘેલછા છે તેની સામે પડકાર ફેંકીને સરકારી હોસ્પિટલોમાં મળતી તબિબિ સેવાઓ જરાપણ ઉતરતી કક્ષાની ન હોવાનો દાવો કર્યો છે.

છેલ્લે... છેલ્લે...

- આજે અમદાવાદમાં બીસીસીઆઈની એજીએમ તાજ હોટલ ખાતે મળશે.
- પ્રયાગરાજ ખાતે ઈફ્કો પ્લાન્ટમાં ગેસ દુર્ઘટનાથી બે અધિકારીના મોત, ૧૮ની હાલત ગંભીર
- કાશ્મિરમાં ડીડીસી ચૂંટણીમાં ગુપકર ગઠબંધનને ૧૧૨ અને ભાજપને ૭૪ બેઠકો.
- દેશમાં ૨૦૧૯માં વાયુ પ્રદૂષણથી ૧૭ લાખના મૃત્યુ થયા હતા.
- કર્ણાટકમાં આજે રાતથી ૨ જાન્યુઆરી સુધી સમગ્ર રાજ્યમાં નાઈટ કર્ફ્યુ.
- ગુજરાત હાઈકોર્ટમાં ૪થી જાન્યુઆરીથી વિડિયો કોન્ફરન્સથી કેસની સુનાવણી થશે.
- પ્રિયંકા ચોપરા અને રાજકુમાર રામી 'ધ વાઈટ ટાઈગર' ૨૨મીથી રીલીઝ થશે.
- કેરલમાં એક જ દિવસમાં સૌથી વધુ ૬ હજાર કોરોના વાઈરસના કેસ નોંધાયા.
- પશ્ચિમ બંગાળમાં મીદનાપુર જિલ્લામાં ફરી હિંસા ભડકી.
- પુરી જગન્નાથ મંદિર ૯ મહિના બાદ પુનઃ ભક્તો માટે ખૂલ્યું.
- દિલ્હી એરપોર્ટ પર યુકેની ફ્લાઈટમાંથી છ પ્રવાસીઓને કોરોના પોઝીટીવ.

ગુજરાતમાં ઔદ્યોગિક એકમોનું નિરીક્ષણ પેપરલેસ બન્યું

ગાંધીનગર,તા. ૨૩

ગુજરાત દેશનાં એવાં અગ્રેસર રાજ્યોમાંનું એક બની ગયું છે, જ્યાં શ્રમ વિભાગ દ્વારા ફેક્ટરીઓનું નિરીક્ષણ હવે પેપરલેસ થઈ ગયું છે. આ અંગે શ્રમ અને રોજગાર વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી વિપુલ મિત્રાએ બુધવાર તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ મળેલી સચિવકક્ષાના અધિકારીઓની સમિતિ સમક્ષ વિગતવાર માહિતી આપી હતી.

મિત્રાએ જણાવ્યું કે, એપ્લિકેશન દ્વારા નિરીક્ષણ સ્થાનની વિશ્વસનિયતા સુનિશ્ચિત કરવા માટે એ સ્થાનના ભૌગોલિક ટેગિંગ(જીઓ ટેગિંગ)ની મંજૂરી આપવામાં આવે છે. તેમાં દસ્તાવેજો/પ્રમાણપત્રોના જીઓ ટેગ થયેલા દૃશ્ય પુરાવાઓ કેપ્ચર કરવાની સુવિધા પણ છે. એપ દ્વારા નિરીક્ષણને લગતી નોટ્સ અને રિપોર્ટ્સની ત્વરિત ચકાસણી પણ કરી શકાય છે. તેનાથી નિરીક્ષણની ગુણવત્તામાં પણ સુધારો થશે.

ઔદ્યોગિક એકમો અને કન્સ્ટ્રક્શન સાઈટ્સ ઉપર નિરીક્ષણ કરતી વખતે શ્રમ નિયામકની કચેરી અને બોઈલર્સ નિયામકની કચેરી દ્વારા જીઁસ્ન્ઈ એપનો ઉપયોગ કરવામાં આવે છે, જ્યારે ઔદ્યોગિક સુરક્ષા અને આરોગ્યના ડાયરેક્ટર દ્વારા જીછઝઊઁઈ એપનો ઉપયોગ કરવામાં આવે છે. આ બંને એપ લોકડાઉન થયું તે પહેલાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા લોન્ચ કરવામાં આવી હતી.

વિપુલ મિત્રાએ વધુ વિગતો આપતા જણાવ્યું કે, આ એપ્લિકેશન્સ લોન્ચ થઈ તે પહેલાં, ઔદ્યોગિક એકમોના નિરીક્ષણના તારણોને લગતી ટિપ્પણીઓ પાછળથી અપલોડ કરવામાં આવતી હતી. જ્યારે હવે આ એપ દ્વારા આ ટિપ્પણીઓ નિરીક્ષણના સ્થળ પરથી જ અપલોડ કરી શકાશે. સંબંધિત ઉદ્યોગોને તેમના નિરીક્ષણ અંગેનો ઈન્સ્પેક્શન રિપોર્ટ ખૂબ જ ઝડપથી ઈસ્યૂ કરી શકાશે.

મંજૂરીની શક્યતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓક્સફોર્ડ યૂનિઅર્સિટી દ્વારા વિકસીત વેક્સિન બનાવ્વવા માટે સમજુતી કરી છે. ઓક્સફોર્ડ યૂનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકાનો દાવો છે કે, તેની કોરોનાની રસી પરિક્ષણના છેલ્લા તબક્કામાં ૯૦ ટકા અસરકારક રહી છે.

બ્રિટિશ કંપની એસ્ટ્રાજેનેકાની વેક્સિનને મંજૂરી આપનાર ભારત પ્રથમ દેશ બની શકે છે. બ્રિટનમાં હાલ તેના ટ્રાયલના ડેટાની તપાસ ચાલી રહી છે. વેક્સિન બનાવવામાં ભારત વિશ્વનો સૌથી મોટો દેશ છે. સરકાર ઈચ્છે છે કે જાન્યુઆરીથી દેશના લોકોને વેક્સિન લગાવવાનું શરૂ થાય. તેના માટે ફાઈઝર અને ભારત બાયોટેકની વેક્સિનના ઈમરજન્સી યુઝને મંજૂરી પણ ઝડપથી મળી શકે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪ ડિસેમ્બરે કોરોના પર ઓલ પાર્ટી મીટિંગ બોલાવી હતી. બેઠક બાદ તેમણે કહ્યું હતું કે, આવનાર ગણતરીના સપ્તાહમાં જ કોરોનાની વેક્સિન તૈયાર થઈ જશે. આ રસી સૌથી પહેલા વૃદ્ધો અને હેલ્થ વર્કર્સને આપવામાં આવશે.

નવો સ્ટ્રેઈન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે જણાવ્યું કે, આ વાયરસનો ફેલાવ અને ગંભીરતા કેવા પ્રકારની છે, તે સમજવાની જરૂર છે. આ સાથે જ ડો.પાંડાએ જણાવ્યું કે, અમે દેશમાં ફેલાઈ રહેલાં વાયરલ જીનોમ પર છ-સાત મહિનાથી નજર રાખી રહ્યાં છે. આ માટે બે હજારથી વધુ સેમ્પલની તપાસ કરાઈ છે, પરંતુ આમાં બદલાવ જોવા મળ્યો નથી. ભારત એવો દેશ નથી જ્યાં તમામ રાજ્યમાં વાયરસનો વ્યવહાર એક જેવો હોય. અહીં કેટલાક રાજ્યોમાં આ ઝડપથી ફેલાયો છે.

તેમણે કહ્યું કે, નવો વાયરસ આવે અથવા ન આવે, પરંતુ વાયરસની ચેઈન તોડવા માટે વ્યવહારિક પ્રતિબંધોને કડક કરવા જોઈએ. લગભગ ૧૧ પ્રકારના મળતાં આવતાં વાયરસ પહેલાંથી જ ઓળખાયા છે, પરંતુ આનાથી ડરવાની જરૂર નથી. આ સમય નજર રાખવાનો છે, ડરવાનો નથી.

વધુમાં ડો. પાંડાએ જણાવ્યું કે, વેક્સિન વાયરસના જુદા-જુદા કમ્પોનેન્ટ્સ વિરુદ્ધ શરીરમાં ઈમ્યૂન સિસ્ટમને મજબૂત બનાવે છે. અત્યારથી આ વિચારવું યોગ્ય નથી કે વેક્સિન નિષ્ફળ નીવડશે.

સીસી રોડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીધે માર્ગની હાલત અત્યંત કંગાળ બની છે. વારંવાર ભંગાણ થવાના લીધે માર્ગ પર વાહન લઈને નિકળવુ પણ મુશ્કેલ બને તેવી સ્થિતિ સર્જાઈ છે. જ્યારે આ સ્થિતિને ધ્યાને લઈને ગુડાના તંત્ર દ્વારા આ માર્ગને સી સી રોડ બનાવવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫.૫૦ કરોડનો ખર્ચ કરાશે. આર સી સી રોડના નિર્માણના લીધે આ વિસ્તારમાં માર્ગ પર ગાબડા પડવા સહીત માર્ગના ધોવાણની સમસ્યાનો પણ અંત આવશે. સ્થાનિકો પણ આ માર્ગની દુર્દશાથી તોબા પોકારી ગયા છે. ૪૫ મીટરના આ માર્ગ પર જી આઈ ડી સી તરફ જવાના ભારે વાહનો પણ દોડતા હોવાથી માર્ગની દશા બેઠી છે.જ્યારે હવે ગુડા દ્વારા કામ શરૂ કરી દેવાયુ છે. આર સી સી માર્ગની સાથે સ્ટ્રીટ લાઈટ નાંખવાની કામગીરી પણ પુર્ણ કરાશે.

નવા થાંભલા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાઈટનો થાંભલો ગમે ત્યારે જોખમી બને તેવી સ્થિતિમાં જોવા મળ્યો હતો. થોડા દિવસો અગાઉ નગરના સે-૧૬ માં સ્ટ્રીટ લાઈટના થાંભલા નવા નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જ્યારે નગરના મુખ્ય ગ માર્ગ પર પણ માર્ગના અપગ્રેડ સાથે સ્ટ્રીટ લાઈટના નવા પોલ્સ ફીટ કરવામાં આવ્યા છે. જ્યારે હાલ શહેરના સેકટર -૬ માં નવા થાંભલા નાંખવામાં આવી રહ્યા છે. અગાઉ સે-૬ માં સેકટરના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પણ હાથ ધરાયુ હતુ. જ્યારે હવે સ્ટ્રીટ લાઈટના થાંભલાનુ કામ હાથ ધરાયુ છે. નગરના સે-૩ માં પણ સ્ટ્રીટ લાઈટના થાંભલા કટાયેલી અને ભયજનક હાલતમાં છે. ત્યારે આ વિસ્તારમાં પણ ત્વરિત પોલ્સ બદલવા માટે કામ હાથ ધરાય તેવી સ્થાનિકોની માંગણી છે. શહેરમાં મોટાભાગે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન જ સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલરકામ કરવામાં આવે છે. જ્યારે નગરના મુખ્યમાર્ગો તેમજ મહાનુભાવોની અવરજવરને ધ્યાને લઈ તે રૂટમાં જ થાંભલાને રંગરોગાન કરવામાં આવે છે. પરંતુ શહેરના સેકટરોમાં લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટના થાંભલા યથાવત સ્થિતિમાં છે.એકતરફ નગરના માર્ગો પર વારંવાર અંધારુ છવાઈ જાય છે. સ્ટ્રીટ લાઈટસની ફરિયાદો પણ વધી રહી છે. ત્યારે કંગાળ થાંભલા દાયકાઓના અંતે જોખમી બન્યા છે ત્યારે સમગ્ર શહેરમાં ઝડપથી સ્ટ્રીટ લાઈટના પોલ્સ બદલવા માટે આયોજન કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ સ્થાનિક સેકટરવાસીઓ વ્યકત કરી રહ્યા છે.

મુખ્ય સચિવ પદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજી તરફ નાણાં વિભાગના હાલના અધિક મુખ્ય સચિવ પંકજ જોપીનીશક્યતા એટલા માટે નથી કે તેમની અગાઉ ઘણાં ઓફિસરો સિનિયર મોસ્ટછે. રાજ્યના ચીફ સેક્રેટરીના બીજા બે દાવેદારોમાં મહેસૂલ વિભાગના ચીફપંકજકુમ